## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ના મારી વાઈફથી સમજ ફેર થઇ ગયો... એ બે સીમ કાર્ડ રાખે છે અને મે મારા મોબાઈલમાં વાઈફવન અને વીફ ટુના નામથી સેવ કરેલા... એ એ જોઈ ગઈ...!

# પોલીસ કર્મચારી પર છરી વડે હુમલો કરવાના કેસમાં આરોપીને ૬ માસની કેદ

### સે-૨૪ ચાર રસ્તા પાસે વાહન ચેકીંગ દરમિયાન રીક્ષા અટકાવી પુછતાછ કરતા રીક્ષાચાલકે પી.એસ.આઈ. પર હુમલો કર્યો હતો

ગાંધીનગર તા ૨

સે-૨૪માં વાહન ચેકીંગની કામગીરી દરમિયાન પોલીસને જાતિવિષયક અપમાનજનક શબ્દો બોલી ચપ્પુ વડે હુમલો કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૬ માસની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૨૫ ફેબ્રુઆરી વર્ષ ૨૦૧૩ના રોજ સે-૨૪ ચાર રસ્તા પાસે પી એસ આઈ પી જે સોલંકી તેમજ નરેશભાઈ વિરજીભાઈ પરમાર સે-૨૪ ચાર રસ્તા પાસે વાહન ચેકીંગની કામગીરીમાં હતા તે દરમિયાન આરોપી સંજય અર્જુનભાઈ રાવળ પોતાની ઓટોરીક્ષા નં જી જે ૧૮ એ વી ૯૨૨૧ પુરઝડપે ચલાવતા પોલીસે તેને અટકાવી રીક્ષાચાલક નરેશની પુછપરછ કરી હતી. આ દરમિયાન આરોપીએ ઉશ્કેરાટમાં આવીને જાતિવિષયક અપમાનજનક શબ્દો બોલી બાજુમાં સ્થિત આમલેટની લારી પરથી ચપ્પુ લઈ નરેશભાઈના બરડાના ભાગમાં મારી હતી.

ત્યારબાદ રીક્ષા ચાલક સંજય ઘટના સ્થળેથી નાસી ગયો હતો. આ મામલે સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની એડીશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. જેમાં જણાંવ્યા મુજબ પોલીસ ખાતામાં ફરજ બજાવતા કર્મચારી પર ફરજ દરમિયાન આરોપીએ ગંભીર હુમલો કર્યો છે.જેથી તેને સખત સજા થવી જોઈએ તેમ દલીલમાં જણાંવ્યુ હતુ. જે દલીલો તેમજ પુરાવાઓને ધ્યાને લઈ જજ વી બી બારોટે આરોપીને ૬ માસની કેદની સજા ભોગવવા તેમજ રૂ ૫૦૦નો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

## ખૂણે ખાંચરેથી...

● ચ-૫ ફૂવારા નજીક આજે એક એક્ટીવા સવાર સ્લીપ થઈ જતાં થોડીક મિનિટો માટે ટ્રાફિક જામ થઈ ગયો હતો.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રામાજી ઠાકોરના બનેવીનું દુઃખદ અવસાન થયું છે.

● હવે, અમુલે ગાંધીનગરમાં "ડાયમન્ડ" નામે વધુ એક દૂધ બજારમાં મુક્યું છે. જેનો ૧ લીટરનો ભાવ રૂ. ૫૦ છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હોમગાર્ડઝ જવાનોના ફીટનેસને લઈ સારી એવી ભીડ જોવા મળી રહી છે.

● ગાંધીનગરની સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં આજે બસો પચાસ જેટલા વિદ્યાર્થીઓએ બે કલાક સુધી નોન સ્ટોપ સ્કેટીંગ કર્યું હતું.

● ગાંધીનગર શહેરમાં વેકેશનનો માહોલ શરૂ થતાં જ સમર કેમ્પો પ્રવૃત્તિઓથી ધમધમી ઉઠ્યા છે.

● ગરમીના પ્રકોપની સાથે જ વીજ માંગમાં વધારો થવા પામ્યો છે. જેને કારણે લાઈન ટ્રીપીંગની ફરિયાદો પણ વધી છે.

# પુરતા દબાણથી ક્લોરીનેશન સાથે પેય જળનો પુરવઠો આપવા માંગ કરતા પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં પુરતા દબાણ સાથે પેયજળનો પુરવઠો આપવા તેમજ તેની ગુણવત્તાની જાળવણી પણ થાય તે જોવાની માંગ સાથે સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન અને કોંગ્રેસ અગ્રણી શ્રી પ્રવિણ પટેલ(ક્વોલીટી)એ જિલ્લા કલેક્ટરને પત્ર લખી માંગ કરી છે.

ક્લોરીનેશન નહિ થતુ હોવાની ગંભીર ફરિયાદ પણ શ્રી પટેલે તેમના આ પત્રમાં કરી જણાવ્યું છે કે ઉનાળાની ઋતુમાં આવી ચૂક કોઈપણ કક્ષાએ થતી હોય તો તે માફ કરી શકાય નહિ.

શ્રી પટેલે તેમના આ પત્રમાં જણાવ્યું છે કે ગાંધીનગર શહેરમાં પુરો પાડવામાં આવતો પાણી પુરવઠો નર્મદા કેનાલ આધારિત છે. નર્મદા કેનાલનું રો-વોટર જીવાણું રહિત છે. (કોન્ટીનીમેટેલ) પાટનગર યોજના વિભાગ શુદ્ધ કરેલું પાણી જી.ડબલ્યુ.આઈ.એલ. (ગુજરાત વોટર ઈન્ફ્રા. લી.) પાસેથી ખરીદીને ગાંધીનગર શહેરીજનોને પુરૂ પાડે છે. શુદ્ધ કરેલ પાણીમાં રેસી. ક્લોરીનની માત્રા ૦.૨ થી ૦.૪ પીપીએમ જળવાઈ રહે તે રીતે આપવાનું હોય છે.

તેમણે આરોગ્ય વિષયક ચિંતા આ પત્રમાં વ્યક્ત કરતાં જણાવ્યું છે કે હાલમાં શહેરમાં પાણીજન્ય રોગચાળાએ ભરડો લીધો છે. ત્યારે શહેરીજનોને પુરૂ પાડવામાં આવતા પાણીમાં રેસી. ક્લોરીનની માત્રા આજરોજ તા. ૨-૫-૨૦૧૬ને સોમવારે સવારે પાણીમાં-નીલ માલુમ પડેલ છે. આપના દ્વારા ચારેક દિવસ પહેલા જ તકેદારીના પગલારૂપે પાણીમાં રેસી. ક્લોરીનની માત્રા પુરતા પ્રમાણમાં જળવાઈ રહે અને પાણીજન્ય રોગચાળો કાબુમાં રહે તે પ્રમાણેની સુચના આપવા છતાંય અમલ થયેલ નથી.

પ્રદૂષિત પાણીના પીવાના વપરાશ પછી જીવાણુઓનો ઈનક્યુલેશન પીરીયડ દસથી પંદર દિવસનો હોય છે. અને ત્યારબાદ શહેરીજનોને તેની સંભવિત અસરો થતી હોય છે. આ બધી હાયજેનીક બાબતો ધ્યાને લઈ ઉનાળાની ઋતુમાં એક પણ સપ્લાય ક્લોરીન વગરનો શહેરીજનોને ન અપાય તેવી સુચના આપવા વિનંતી છે. અને કોઈપણ કારણસર ક્લોરીન વિનાનો પુરો પાડવો હોય તેવા સંજોગોમાં જે તે ઠેકેદાર પાસેથી તેનો ચાર્જ વસુલ કરવા પણ યોગ્ય કાર્યવાહી હાથ ધરવી જોઈએ.

વધુમાં ગાંધીનગર શહેરના જુના તેમજ નવા સેક્ટરોમાં એક જ સપ્લાય હોવા છતાં પાણી પુરતા દબાણથી આપવામાં આવતું નથી, તે બાબતે પણ ટેકનીકલ અભ્યાસ હાથ ધરી પગલાં ભરવા વિનંતી છે. જેથી કરીને પાણી પુરતાં પ્રમાણમાં હોવા છતાં નગરવાસીઓને પુરતા પ્રમાણમાં પુરતા દબાણથી પાણી મળી શકે.



ગરમીમાં રાહતનો રસ્તો : ધોમધખતા તાપમાં રાહત મેળવવા બાળકો પાણીમાં છબછબીયા કરે છે ત્યારે કેટલાક બાળકો શરીર ઉપર પાણી નાખીને સ્નાન કરી લે છે. એસી અને કુલરના જમાનામાં પાણી માત્ર ગરીબો અને વંચિતો માટે ગરમી સામે રક્ષણ મેળવવાનું એક રસ્તો છે. શહેરમાં ઠેર ઠેર સેવા વસતીમાં આ પ્રકારના દ્રશ્યો નિહાળવા મળે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## ભારતીય જનસંઘના સ્થાપક વરિષ્ઠ અગ્રણી સ્વ. બલરાજ મધોકને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે તત્કાલિન ભારતીય જનસંઘના સ્થાપક અને વરિષ્ઠ અગ્રણી સ્વ. બલરાજ મધોકના દુઃખદ અવસાન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ પાઠવી છે.

શ્રીમતી આનંદીબહેને સ્વ. મધોકના આજીવન નિઃસ્વાર્થ રાષ્ટ્ર સમર્પિત જીવનની સરાહના કરતા તેમના આત્માની પરમશાંતિ માટે પ્રાર્થના પણ કરી છે.

## અમદાવાદ નેશનલ બુક ફેરમાં ડૉ. આંબેડકર પર વિચાર ગોષ્ઠિ

ગાંધીનગર, તા. ૨

અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના ઉપક્રમે આયોજીત 'નેશનલ બુક ફેર'માં આગામી ૫મી મે ગુરૂવારના રોજ રિવરફ્રન્ટ અમદાવાદના જ્ઞાન ગંગા હોલ નંબર-૧માં સાંજના ૪.૦૦ કલાકે, 'મારી નજરે : આંબેડકર' શિર્ષક હેઠળના યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાતના અગ્રીમ દલિત સર્જકો સર્વ હરીશ મંગલમ, પ્રવીણ ગઢવી, સાહિલ પરમાર અને નટુભાઈ પરમાર એમના વિચારો વ્યક્ત કરશે. આ કાર્યક્રમનું સંચાલન જાણીતા દલિત અગ્રણી પ્રવીણ શ્રીમાળી કરશે.

# ગ્રામ્ય વિસ્તારમાં પણ ઘૂંટણ તથા કમરના દુઃખાવાના દર્દીઓ વધ્યા

### શહેરની ફિઝિયોથેરેપી કોલેજ દ્વારા કોલવડા ખાતે નિદાન સારવાર કેમ્પ યોજાયો
### કેમ્પમાં ઘૂંટણ તથા કમરના દુઃખાવાના દર્દીઓની સંખ્યા વધુ જોવા મળી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકામાં ઘૂંટણનો દુઃખાવો તથા કમરના દુઃખાવાના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આ બાબત તાજેતરમાં શહેરની ફિઝિયોથેરેપી કોલેજ દ્વારા કોલવડા ખાતે યોજવામાં આવેલ નિઃશુલ્ક સારવાર તથા નિદાન કેમ્પ દરમ્યાન વધુ ઉજાગર થવા પામી હતી.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી દ્વારા તાજેતરમાં કોલવડા ગામમાં કે.કે. પટેલ વિદ્યાલય ખાતે નિઃશુલ્ક નિદાન-સારવાર શિબિર યોજવામાં આવ્યો હતો. આ શિબિરમાં કોલેજના ૨ પ્રાધ્યાપકો ડૉ. રચિતા હાડા અને ડૉ. ટીના ચૌહાણ સહિત ૭ વિદ્યાર્થીઓ સ્વયંસેવક તરીકે જોડાયા હતા. આ શિબિરમાં કુલ ૧૧૦ દર્દીઓએ ભાગ લઈ નિદાન કરાવ્યું હતું. આ નિદાન કાર્ય દરમિયાન દર્દીઓમાં ઘુંટણના દર્દો અને કમરના દુઃખાવાથી પીડિત દર્દીઓની સંખ્યા સૌથી વધુ માલુમ પડી હતી. ગ્રામ્ય સ્તરે આ પ્રકારના દર્દોની વધતી માત્રાએ પ્રાધ્યાપકોને ચિંતિત કર્યા હતા. આ પ્રકારના દર્દો વધવા માટે તેમણે વિવિધ કારણો જેવા કે પીવાના પાણીની શુધ્ધતા, જીવનશૈલી તથા અન્ય કારણોની ચર્ચા કરી હતી.



શિબિરમાં ગામના રહીશોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિદાન સારવાર શિબિર દરમિયાન જ્યાં જરૂર જણાય ત્યાં દર્દીઓને સારવાર તથા યોગ્ય માર્ગદર્શન પણ પુરું પાડવામાં આવ્યું હતું. ફિઝિયોથેરેપી કોલેજ દ્વારા આ પ્રકારની વધુ શિબિરો હાથ ધરવાનું વિચારાઈ રહ્યું છે. આ શિબિર પૈકી કોલેજના તાલીમાર્થી વિદ્યાર્થીઓને પ્રેકટિલ જ્ઞાન પ્રાપ્ત કરવામાં ઘણી મદદ મળી રહે છે.

# નીટ પરીક્ષા મામલે વાલીઓ અને રાજ્ય સરકારની સુપ્રીમમાં અરજી

### પરીક્ષાને એક વર્ષ સુધી પાછી ઠેલવાની સરકારની તર્કદાર દલીલ : ૧૬ વાલીઓએ પણ નીટની સામે અરજી દાખલ

ગાંધીનગર, તા. ૨

મેડિકલ કોલેજમાં પ્રવેશ માટેની નીટને લઈને વિવાદ વધી રહ્યો છે. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં નારાજગી વચ્ચે ગુજરાત સરકારે પણ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી દીધી છે. જેમાં સરકારે પરીક્ષાને એક વર્ષ પાછી ઠેલવવા અપીલ કરી છે. બીજી બાજુ અમદાવાદના વાલીઓ દ્વારા પણ પરીક્ષાને પાછી ઠેલવવા રજૂઆત કરી છે. સુપ્રીમ કોર્ટે હાલમાં જ કેન્દ્રની રજૂઆતને ફગાવી દીધી હતી અને પરીક્ષાને લેવાનો આદેશ કર્યો હતો જેના ભાગરુપે નીટનો પ્રથમ તબક્કો ગઈકાલે નોંધાયો હતો.

૨૪મી જુલાઈએ હવે બીજો તબક્કો લેવાશે. ૨૮ એપ્રિલે સુપ્રીમ કોર્ટે નીટ ફરજીયાત કરવાનો ચુકાદો આપ્યા બાદ વાલીઓની રજુઆતના પગલે સરકારે તાકીદે તમામ અધિકારીઓ અને પ્રવેશ સમિતિની બેઠક બોલાવી હતી. શનિવારે જ રાજ્ય સરકારના અધિકારીઓ અને સરકારના વકીલ દિલ્હી પહોંચી ગયા હતા. વાલીઓ વતી એડવોકેટ કુમારેશ ત્રિવેદીએ કરેલી પિટિશનમાં જણાવ્યું છે. વધુમાં વધુ બે વર્ષ સુધી અથવા ઓછામાં ઓછી આ વર્ષ પુરતી રાહતરૂપે ગુજરાતને નીટમાંથી બાકાત રાખવામાં આવે. ગુજરાત સરકાર છેલ્લા ઘણાં વર્ષથી ગુજકેટના આધારે મેડિકલ પેરામેડિકલમાં પ્રવેશ આપે છે. રાજયના ૯૪ ટકા વિદ્યાર્થીઓ ગુજરાતની પરીક્ષા આપી શકે તેમ નથી. ગુજરાતના મોટા ભાગના વિદ્યાર્થીઓ માતૃભાષા ગુજરાતી મીડિયમમાં ભણ્યા હોવાથી અંગ્રેજીમાં પુરતી તૈયારી વિના પરીક્ષા આપવાથી તેમને અન્યાય થશે. વર્ષ ૨૦૧૦નું જ એમસીઆઈનું નીટના મુદ્દે નોટિફિકેશન છે કે આખા દેશમાં મેડિકલ ડેન્ટલ માટે એક જ પ્રવેશ પરીક્ષા રહેશે. જેના આજે એઆઈપીએનટીને નેટ ફેઝ ૧ તરીકે લેવાઈ રહી છે. ત્યાર બાદ બીજી ૨૪ જુલાઈએ લેવાઈ રહી છે. જે એમસીઆઈના નોટિફિકેશનનો ભંગ કરશે.

ઉપરાંત બે વાર પરીક્ષા લેવાથી પરિણામ અને મૂલ્યાંકન અલગ થશે, જે વિદ્યાર્થીને અન્યાય કરશે. ઉપરાંત નેટ ફેઝ-૧ ૧૫ ટકા બેઠક માટે લેવાઈ છે. એઆઈપીએનટી માટે ફોર્મ ભરનારા વિદ્યાર્થીઓને ફેઝ-૨ની નીટ માટે તક જ આપવામાં આવી નથી. આ અંગે હાઈકોર્ટના વકીલ કુમારેશ ત્રિવેદીએ દિલ્હીથી જણાવ્યું હતું કે વાલીઓ તરફથી નીટના વિરોધમાં આજે અમે સુપ્રીમમાં અરજી દાખલ કરી રહ્યા છીએ, જેમાં અનેક મુદ્દાઓનો સમાવેશ કરાયો છે. નીટની પરીક્ષા અંગ્રેજી અને હિન્દી એમ બે જ ભાષામાં લેવાય છે. જ્યારે ગુજરાતના વિદ્યાર્થીઓએ ગુજરાતી માધ્યમમાં ગુજકેટની તૈયારી કરી લીધી છે.

## ટ્રાફિક જવાનોને બાકી પગાર ચૂકવવા આદેશ

ગુજરાત હાઈકોર્ટે ગુરુવાર સુધીમાં ટ્રાફિકના સંચાલન માટે રાખવામાં આવેલા ટ્રાફિક બ્રિગેડના કર્મચારીઓને પગાર ચુકવી દેવા આદેશ કર્યો છે. રાજ્ય સરકારને આ આદેશ કરવામાં આવ્યો છે. આની સાથે જ ટ્રાફિક બ્રિગેડના ૨૫૦૦ જવાનોને રાહત મળી ગઈ છે.હાઈકોર્ટના આદેશ મુજબ, હવે ૨૫૦૦ જેટલા ટ્રાફિક જવાનોને રાહત મળી છે. હાઈકોર્ટે રાજય સરકારને ૫ દિવસના ટ્રાફિક જવાનનો પગાર ચુકવવાનો આદેશ આપ્યો છે. આ મામલે હાઈકોર્ટમાં રાજય સરકાર દ્વારા જવાબ રજુ કરાયો હતો. અમદાવાદ ટ્રાફિક બ્રિગેડની જવાબદારી સોંપવામાં આવી હતી. તેથી સરકારે હાઈકોર્ટમાં જવાબ આપ્યો હતો કે, ટ્રસ્ટ દ્વારા પગાર ચુકવવામાં વિલંબ થયો છે. બાકી અમે તો પગાર ચુકવવા માટે ૫૭ લાખ રૂપિયા બેંકમાં જમા કરાવી દીધા છે. અમદાવાદમાં ટ્રાફિકના સંચાલન માટે રખાયેલા ટ્રાફિક બ્રિગેડના કર્મીઓ ખુશ થઈ જાય તેવા સમાચાર હાઈકોર્ટે આપ્યા છે. ગુરુવાર સુધીમાં પગાર ચુકવી આપવા હાઈકોર્ટે રાજય સરકારને આદેશ કર્યો છે. જેથી હવે ટ્રાફિક બ્રિગેડના ૨૫૦૦ જેટલા જવાનોને હાઈકોર્ટે રાહત આપી છે.

# સે-૬ ખાતે માં અંબા ભવાનીનો ૧૬મો પાટોત્સવ

ગાંધીનગર, તા. ૨

સેકટર-૬-એ સ્થિત શ્રી અંબિકા સેવા ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૭ થી ૯ મે દરમિયાન જગતજનની આદ્યશકિત માં અંબા ભવાનીનો ૧૬મો પાટોત્સવ તથા ઈષ્દેવ શ્રી હનુમાનજી મહારાજનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૭મી મેને શનિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે માં અંબા સુશોભીત રથમાં બિરાજમાન થઈ સેકટર-૬-એના વિસ્તારમાં નગરચર્યાએ નીકળશે. આ દરમિયાન બહેનો અને બાળઓ સુંદર વસ્ત્રોમાં તૈયાર થઈ કળશ-શ્રીફળ સાથે શોભાયાત્રામાં જોડાઈને જલયાત્રામાં ભાગ લેશે. સાંજના ૭.૦૦ કલાકે સંધ્યા આરતી તથા રાત્રે ૮.૩૦ કલાકે કલાકાર સંજયભાઈ સોનીના મધુર કંઠે શ્રી હનુમાનજી મહારાજના સુંદરકાંડ પાઠનું સમજુતી સાથે પઠનનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં શિવ તાંડવ નૃત્યનું દશ્ય પણ નિહાળવા મળશે. તા. ૮મી મેને રવિવારના રોજ સવારના ૮ થી ૬ કલાક દરમિયાન ઈષ્ટદેવ શ્રી હનુમાનજી મહારાજ, શ્રી પાર્વતી માતાજી, શ્રી ઉમિયા માતાજી અને શ્રી ગાયત્રી માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા માટેની પૂજા વિધિ સાથેનો મહાયજ્ઞ યોજાશે. જેમાં મંડપ પ્રવેશ પંચાંગ કર્મ, મુર્તિઓનો કુટીર હોમ, સ્થાપિત દેવતાઓનું પૂજન, અગ્નિ સ્થાપન ગ્રહ હોમ, જલયાત્રા પ્રયાગ, મંદિરનું પ્રાસાદ વાસ્તુ

**આ સાથે હનુમાનજીની મૂર્તિની પ્રાણ**

જલાદિવાસ, ઘુત દિવાસ, પુષ્પા દિવાસ, ફલા દિવાસ, ધાન્યા દિવાસ અને શૈયા દિવાસ સહિતના ધાર્મિક કાર્યો કરાવાશે. ત્યારબાદ સવારના ૧૦ થી ૧૨ કલાક સુધી માતાજીને પહેરાવેલ સાડીઓનું જાહેરમાં વેચાણ કરવામાં આવશે. સાંજના ૭.૦૦ કલાકે સંધ્યા આરતી રાત્રે ૮.૩૦ કલાકે કથાકાર તારાદેવી રામણીના મધુર કંઠે હનુમાન ગાથાનું વિવરણ સાથે પઠન કરાશે. તથા માં અંબાન પૂજન કીર્તનના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૯મી મેને સોમવારના રોજ માતાજીનો ૧૬મો પાટોત્સવ તથા ઈષ્ટદેવોની પ્રાણ પ્રતિષ્ઠા માટેની પૂજાવિધિ સાથેનો મહાયજ્ઞ અંતર્ગત સવારે ૮.૦૦ કલાકે પ્રાતઃ પૂજન અને સ્થાપીત દેવોની પૂજા સવારે ૧૦.૦૦ કલાકે મૂર્તિઓનો મહાઅભિષેક-સ્નાનવિધિ, બપોરે ૧૨.૩૯ કલાકે ઈષ્ટદેવોની પ્રાણ પ્રતિષ્ઠા, બપોરે ૩.૦૦ કલાકે ભગવાનના પ્રથમ દર્શન ઉત્તર પૂજન અને બલિદાન તેમજ સાંજના ૫.૦૦ કલાકે શ્રીફળ હોમ ૬.૩૦ કલાકે મહાયજ્ઞ તથા માતાજી અને ઈષ્ટદેવોની સંયુકત આરતી કરાવાશે. ત્યારબાદ ૭ થી ૯ કલાક દરમિયાન મહાપ્રસાદનું આયોજન કરાવાયુંછે. આ અંગેના પાસ ટ્રસ્ટના પદાધિકારીઓ પાસેથી તા. ૮મી મે સુધીમાં મેળવી લેવા જણાવાયું છે.



તડકાથી બચવાનો ઉપાય : છેલ્લા એક સપ્તાહમાં ગાંધીનગર શહેર સહિત રાજયભરમાં મહત્તમ તાપમાન ૪૨-૪૩ ડીગ્રી રહેતા દ્વિચક્રી વાહનચાલકો તાપમાં શેકાતા હોય છે. આકરા તડકામાં ખાસ કરીને હાથની ચામડીને રક્ષણ આપવા હાથ-મોજાં, માથાને રક્ષણ આપવા કેપ તથા આખને રક્ષણ આપવા ગોગલ્સની ખરીદીનું પ્રમાણ વધી રહ્યું છે. શહેરમાં ઠેર ઠેર હંગામી સ્ટોલમાં વેચાણ વધતું જાય છે. (તસવીર : કશ્યપ નિમાવત)